Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-2, Issue-5, Continuous Issue-11, January - February 2022

# છેલ્લા દાયકામાં ‘નવનીત સમર્પણ’માં પ્રગટ થયેલ ટૂંકીવાર્તાઓમાં નિરૂપાયેલી નારીસંવેદના

.........................................................................................................................

ગુજરાતી સાહિત્યમાં સામયિકોની પરંપરામાં ‘નવનીત સમર્પણ’નું અગ્રગણ્ય સ્થાન રહ્યું છે. ‘નવનીત’(૧૯૬૨-૧૯૮૦) અને ‘સમર્પણ’ એમ બે જુદા-જુદા સામયિકોનું સંયુક્ત સામયિક એટલે ‘નવનીત સમર્પણ’(૧૯૮૦). છેલ્લા ચાર દાયકાથી ગુજરાતીમાં રચાયેલી વૈવિધ્યસભર કૃતિઓ પ્રગટ કરતું રહ્યું છે. કવિતા, ટૂંકીવાર્તા, નિબંધ, ચરિત્ર, આસ્વાદ્યલેખો, સંશોધનલેખો, હાસ્ય આદિ વિવિધ પ્રકારની કૃતિઓ પ્રગટ થઇ છે. છેલ્લા દાયકામાં(૨૦૧૧-૨૦૨૦) દરમિયાન ‘નવનીત સમર્પણ’માં પ્રગટ થયેલી ટૂંકીવાર્તાઓમાં નિરૂપાયેલી નારીસંવેદના વિષયક અભ્યાસ કરવાનો અહીં ઉપક્રમ છે.

ગિરીશ ભટ્ટ પાસેથી ‘આવેશ’ (નવનીત સમર્પણ, જૂન- ૨૦૧૧, અંક – ૬) વાર્તા મળે છે. આ વાર્તામાં વાર્તાનાયિકા ભગવતીના પ્રણયની સંવેદના ઘરના તટસ્થ વાતાવરણમાં રુંધાઇને અંતે સુખદ પરિણયનું પરિણામ આવે છે.

વાર્તા નાયક નોકરી અર્થે શહેરમાં જાય છે. ત્યાં એમના ઓળખીતા રવિશંકરના ઘરની ઉપલી ઓરડીમાં રહેવાનું થાય છે. વતન છોડી બીજા સ્થળે રહેવાનું થતાં રસેન્દુને જરા પણ ગમતું ન હતું; ‘શરૂઆતમાં એવું થતું ઓરડીનું બારણું અંદરથી બંધ કરે ને આંખો ભીની થઇ જાય; વતનનું ઘર યાદ આવી જાય, ગામ ખડું થઇ જાય! એ શેરી, એ ઊંચા ઓટલાવાળું ઘર, એ સ્વજનો!’(પૃ.૮૭) તે પછી પોતાની જાતને ત્યાં ઢાળવા મથામણ કરી હતી. ત્યાં એ બે વર્ષ રહ્યા હતા. તેથી એ ઓરડી માટે લગાવ થઇ ગયો હતો. હવે બે વર્ષ પછી એ ઓરડી – ઘર છોડવાનું થાય છે તે વખતે એ પાછા ફરીને ઓરડીને જુએ છે. ત્યાંથી વાર્તાની શરૂઆત થાય છે. અને પછી તો પાછલાં બે વર્ષોની નાની – નાની બાબતો એના માનસપટ પર ઉપસી આવે છે. અહીં કેન્દ્રસ્થાને રવિશંકર ડોસાની ઓરડીની સાથે એમના ઘરના સભ્યો સાથે જીવેલી ક્ષણો મહત્વની છે. ઘરનાં સભ્યોમાં વાર્તાનાયિકા ભગવતી અને ભગવતીની મા હરગૌરી અને ભગવતીની ભાભી છે. જ્યારે રસેન્દુ પહેલીવાર રવિશંકર પાસે સદાશિવકાકાની ભલામણ લઇને જાય છે. ત્યારે રવિશંકરે અનેક શરતો – સૂચનાઓ આપી હતી. જેમાં, ‘જો ભાઇ, સીધી લાઇનમાં જ રહેવાનું.’(પૃ.૮૮) મહત્વની હતી. કારણ હતું ઘરમાં વીસ વર્ષની યુવાન દીકરી ભગવતી. દીકરી ભગવતીને પણ રસેન્દુની ઓરડીમાં જવાની મનાઇ હતી. આ બધા બંધનો વચ્ચે ભગવતી ડઘાઇ જતી. તે વખતે તેની ભાભી એને સાથ આપતી. હવે રસેન્દુને ઓફિસમાં પણ ફાવી ગયું હતું. ભગવતીને ભાભી સ્ત્રી સહજ સમજી દિલાસો આપતી. તેથી એ કહેતી; ‘છોકરો સારો છે. તને ગમે છે ને? બસ, કરી નાંખીએ કંકુના’(પૃ.૮૯) ભગવતીની બહેનપણીઓ શ્વેતા, સીમા એમના પ્રિયપાત્ર સાથે હરવા-ફરવા જતી. તે એને કહી સંભળાવતી. પરંતુ ફરી સાંજે પાછી ઊંઘ ન આવતી. ત્યારે મા કહેતી; ‘ઊંઘ નથી આવતી? બોલી જા, એકવાર રામરક્ષા કવચ.’(પૃ.૮૯)

પરંતુ ભગવતીનું મન તો રસેન્દુમાં જ પરોવાયેલું રહેતું. બીજી તરફ રવિશંકરને બધા જાતભાતની સૂચનાઓ આપતા. આ બધું સાંભળીને; 'તો શું ડેલી ખખડે ને ના જવું? કેવા છે બાપુ? નો'તી ભાડે આપવી મેડી? ડેલી ખાલી હતી. કાંઇ વળગી નો'તી પડી એ રસેન્દુને?'(પૃ.૯૦) ભગવતીનું મન થતું રસેન્દુને સામે બેસાડીને વાતો કરવાનું. પણ પિતાની સંકુચિત માનસિકતાને કારણે તે શક્ય ન હતું. રસેન્દુએ ભગવતીને કહ્યું હતું; 'તારો કંઠ બહુ સરસ છે.' અને ભગવતીની ઊંઘ ઊડી જતી. મા એને ટોકતી રહે છે. પણ બાવીસ વર્ષની ભગવતીએ હવે રોકી શકાય તેમ નહતું. ભગવતીની બહેનપણીઓ એને રસેન્દુની સામે એકરાર કરવા કહે છે. પરંતુ ભગવતી સ્ત્રી સહજ રીતે તેમ ન કરી શકી. ત્યાં જ અચાનક રસેન્દુની બદલી થઇ જાય છે. તેથી ભગવતીના 'બારે વહાણ ડૂબી ગયા'ની સ્થિતિ થાય છે. હવે તો એ; મેડીએ ખાલી અને એય ખાલીખમ! રડી પડી એકાંતમાં.'(પૃ.૯૧) રસેન્દુએ વિદાય લીધી. અને ભાભીએ કહ્યું હતું કે; હવે રસેન્દુને ભૂલી જજે. પણ ભગવતી અડગ મનની તેથી ભૂલી ન શકી. ભગવતી ઇચ્છતી હતી કે, રસેન્દુ એકવાર એને કહે કે, 'ભગવતી, તું મને ગમે છે'(પૃ.૯૧) અને પોતે સ્ત્રીસહજ ઇચ્છાઓને દાબી દે છે. ભગવતી ઓરડીની સફાઇ કરતી હતી. ત્યાં જ એને રસેન્દુના મરોડદાર અક્ષરોમાં ગુલાબી કાગળ મળે છે. જેમાં ભગવતીને સંબોધીને લખાયું હતું; 'પ્રિય ભગવતી'ના સંબોધનથી શરૂ થતા કાગળો ભગવતીએ ત્રણ-ત્રણ વાર વાંચી નાંખ્યા. દરેક વખત એને – 'નવીનકોર અનુભૂતિઓ!'(પૃ.૯૨) થઇ. આ કાગળો – લવલેટરોમાં ભગવતી માટે વ્હાલથી લથબથ હતા. અને વાર્તા અંતે ભગવતી સાવ નવી જ અનુભૂતિવાળી અનુભવાય છે. અને અંતે એની સખીઓને યાદ કરીને કહે છે; 'લો, વાંચો આ લવલેટર! સાવ સાચો! જુઠાડિયું... કોઇએ લખ્યો છે તમને આવો લવ લેટર?'(પૃ.૯૨) વાર્તા અંત સૂચક છે.

આ વાર્તામાં ફ્લેશબેક પદ્ધતિએ વસ્તુ રજૂ થયું છે. વર્તમાન-ભૂતકાળ-વર્તમાન એમ વાર્તાવસ્તુનો વિકાસ સમયગાળો છે. ભગવતી રસેન્દુનો પ્રણય વાર્તાઅંતે મુખર બને છે-સિદ્ધ થાય છે. એક યુવાન સ્ત્રી માટે માતા-પિતાની ચિંતા, ભાડુઆતો માટેની સમસ્યા, વતનનો ઝૂરાપો આદિ વાર્તાના વિશેષો છે. ભગવતીની પ્રણયસંવેદના આલેખવા માટે વાર્તાકારે ટૂંકા, અર્થસભર, કાવ્યાત્મક કોટિએ પહોંચતા વ્યંજના સભર વાક્યો વાર્તાકારે પ્રયોજ્યાં છે. જે વાર્તામાં આસ્વાદ્ય છે.

હિમાંશી શેલતની **'એ સવાર'** (નવનીત સમર્પણ, ઓક્ટોમ્બર-૨૦૧૧, અંક – ૧૦) વાર્તામાં વૈશ્યાવૃત્તિ સાથે સંકળાયેલી સ્ત્રીઓના જીવનનું આલેખન થયું છે. દેહવ્યાપાર સાથે સંકળાયેલી સ્ત્રીઓમાં પણ માનવીય ગુણો રહેલા છે. તે વાર્તા અંતે સિદ્ધ થઇ જાય છે. વાર્તાનું વસ્તુ એ પ્રમાણેનું છે તેથી વાતાવરણ ઊભું કરવા અહીં અનેક સ્ત્રી પાત્રો છે. દરેક સ્ત્રી પાત્રોની દુનિયા જુદી જ છે. પરંતુ આપણી સંસ્કૃતિ અને દેશની વહીવટી વ્યવસ્થા પ્રમાણે તેમનું જીવન બંધિયાર અને પીડાદાયક જ બની રહે છે. તેમ છતાં જ્યારે શિક્ષિત – સુસંસ્કૃત સમાજમાં જ્યારે સ્ત્રી કે નાની બાળકી ઉપર પાશવી અત્યાચાર થાય છે ત્યારે એમનું હૃદય દ્રવી ઊઠે છે. એમની આ સંવેદના જ એમનો વિશેષ માનવીય ગુણ બની રહે છે. જે આ વાર્તામાં બખૂબી રીતે પ્રગટે છે.

વાર્તારંભે જ દેહવ્યાપાર સાથે સંકળાયેલી સ્ત્રીઓના રહેઠાણનો પરિચય મળે છે; "એ સવાર બિલકુલ સારી ન્હોતી. એક તો આખી રાત પડેલા વરસાદથી ખાડાઓ છલકાઇ ગયેલા. વધારામાં દસમાંની છ ઓરડીઓની છત ટપકતી હતી. નાલાયક મિસ્ત્રી 'હવે ગળે તો મને કહેજો'નો સધિયારો આપી અદ્દશ્ય થઇ ગયેલો. એણે કોણ જાણે કેવી કરામત કરી હતી કે, પહેલાં

તો ધીમેધીમે ટપકતું હતું એજ પાણી હવે રીતસરની દદૂડીમાં ફેરવાઇ ગયું હતું."(પૃ.૧૪૩) આ અભાવગ્રસ્ત જીવનમાં જીવતી ચંદા, સુંદરી, સુનિતા, મનોરમા, સુરંગી, કમલા, બાલા, ભાગવંતી આદિ પાંચ-છ નાનકડી ઓરડીમાં દેહવ્યાપારનો વ્યવસાય કરતી. આ સ્ત્રીઓમાં ચૌદેક વરસની સુંદરી બે દિવસથી તબિયત બરાબર નથી. તેથી ચંદા એને તુલસીવાળી ચા પીવડાવવા અંદર લઇ જાય છે. બહાર વરસાદ વરસી રહ્યો છે, તેથી એમની ગલીમાં આવવાનો રસ્તો બંધ થઇ ગયો છે. તેથી બધી સ્ત્રીઓ ભેગી થઇ ચા-બિસ્કીટ મંગાવે છે. કોઇ ગ્રાહક ન હતો, તેથી તેઓ પોતપોતાનાં ગમતાં કામો કરે છે. કોઇ પૂજા કરે છે. તો કોઇ મ્યૂઝિક પ્લેયર ચાલુ કરીને ડાંસ કરે છે. ત્યાં તો સુરંગી આજનું અખબાર લઇને આવે છે. અને બધાને વાંચવાનું કહે છે. બીજી કેટલીક એની ટીખળ પણ કરે છે; 'જૈસે દુનિયાકી પહેલી ઔરત મા બનને જા રહી હૈ!(પૃ.૧૪૫) બધા ખડખડાટ હસવા લાગે છે. અખબારમાં જાહેરખબરો, મરણનોંધો વાંચે છે. ત્યાં સુરંગી કહે છે;'અરે, પઢતે નહીં હો સબ ઠીક સે. આપણા ધંધા હવે લીગલ થવાના. ઇસ બાર પક્કા. સરકાર સબકો આઈકાર્ડ દેગી. જેને ધંધો છોડી દેવો હોય તેને માટે રહેઠાણ, વેલ્ફેર સ્કિમ. ખુદ કે એરિયા મેં હેલ્થ ક્લિનિક, ચેકઅપ, દવા બધું મફત. બોલ છે ને તગડી ખબર? (પૃ.૧૪૫) પરંતુ બીજી બધી આ વાતને ગપ્પાં જ માને છે. તેઓ સુંદરી જેવી છોકરી ભણવા જઇ શકે તે માટે ચિંતા તો કરે છે. અને ઇજ્જતથી જીવવાની આશા વ્યક્ત કરે છે. આ પ્રકારના સમાચાર બાલા છાપામાં શોધી રહી હતી ત્યાંજ એને એક જ પાના પર ત્રણ-ત્રણ સમાચાર મળે છે. સાત, નવ, પાંચ વર્ષની છોકરીઓ પર બળાત્કાર અને ખૂન. અત્યાચારની આ ઘટનાઓ બાલા વાંચી રહી છે. અને પોતાનાં મંતવ્યો પણ આપતી જાય છે. 'આ પહેલામાં તો જાણે સાત સાલકી. બાપ કા ઓવરટાઇમ થા તો ખાના દેને ગઇથી ફેક્ટરી પર. પછી વાપસ નહીં આઇ. આ બીજામાં તો...હાં, શામ તક ખેલતી થી, પતા નહીં કબ કૌન લે ગયા. ડેડ બોડી એક ગરાજ મેં પડી થી. ને ત્રીજી તો ફક્ત પાંચ સાલ. આસપાસવાલો કા કામ હોગા. શાયદ ડર કે મારે હી મર ગઇ...'(પૃ.૧૪૬) અને આપણા દેશમાં જેમ બનતું આવ્યું છે તેમ ગુનેગારને દેખાડવા પૂરતો પકડી લે છે. અને પછી કશું જ નહીં. જેવો બળાપો કાઢતી રહે છે. મરદને પેટમાં કેવી રીતે બચ્ચું પાળવું તેની ખબર નથી તેથી જ એ એને મારી નાંખવાનું કૃત્ય કરે છે. જેવી વાતો કરે છે. એમાંથી એક સ્ત્રી કહે છે; 'હું તો કહું કે મારી નાખી તો સારું થયું. બચ્ચી ડરી ગઇ હોય અને પછી આદમીની જાત સૂંઘી લે એટલે આપણા જેવું થાય. શાનથી જિવાય નહીં બાળકીથી.'(પૃ.૧૪૬) નાની ઉંમરની બાળકીઓ સાથે થતા દુષ્કૃત્યોની વાતોથી વાર્તા આગળ ચાલે છે. ત્યાં ભગવંતી આવે છે. એના માટે ખુરશી ઢાળવામાં આવે છે. એ બાલાને છાપામાં છપાયેલા સમાચાર બાબતે પૂછે છે અને બાલા પાસેથી; 'બચ્ચી કો માર ડાલા. રેપ ઔર ખૂન.'(પૃ.૧૪૮) સાંભળીને ભગવંતી કપાળ કૂટે છે. બીજી સ્ત્રીઓ એને રોકે છે ભગવંતી કાંપતા હોઠે બોલે છે; 'આપને બધા કંઇ મરી ન્હોતા ગયા, અહીં જ હતાં....ને પૈસા નહોતા તો મફતમાં લઇ જવું'તું. હરામીએ આવડી નાનકડીને તો છોડવી'તી!(પૃ.૧૪૭) અંતે છાપામાં ધંધા લીગલ થવાના સમાચાર જાણવામાં કે વાંચવામાં કોઇને રસ ન રહ્યો.

આ વાર્તામાં દેહવ્યાપારના વ્યવસાય સાથે સંકળાયેલી સ્ત્રીઓની વેદના પ્રગટે છે. નાની-નાની બાળકીઓ આ લોહીના ધંધામાં ફસાઇને ગંભીર બીમારીઓમાં જકડાઇ મૃત્યુ પણ પામે છે. તેમજ પોતાનું સ્વમાન ખોઇ બેસે છે. આ સ્ત્રીઓમાં પણ માનવીય ગુણો ભર્યા છે. તે આ વાર્તાનાં પાત્રો દ્વારા નિરૂપાયું છે. સરળ ભાષા, પાત્રોની સૂરતી છાંટવાળી ભાષાના સંવાદો વાર્તામાં જીવંતતા બક્ષે છે. નારી અસ્તિત્વ જાળવવા સંઘર્ષ કરતાં પાત્રો દંભી સમાજની

માનસિકતાને ઉજાગર કરી આપે છે.

પન્ના ત્રિવેદી પાસેથી 'ન્યૂઝરૂમ'(નવનીત સમર્પણ, નવેમ્બર-૨૦૧૧, અંક- ૧૧) વાર્તા મળે છે. આ વાર્તા નાયિકા માધવીના મુખે કહેવાઇ છે. અહીં પત્રકારત્વ- ન્યૂઝરીડિંગ સાથે સંકળાયેલી વાર્તાનાયિકાનું મનોસંવેદન નિરૂપાયું છે. સતત સ્પર્ધા, નિયત સમય મર્યાદામાં કામ પૂરું કરવાની વ્યસ્તતામાં નાયિકામાં પોતાના અસ્તિત્વની ખોજ કરે છે. સર્વજ્ઞ કથનકેન્દ્રથી સમગ્ર વાર્તા કહેવાઇ છે.

વાર્તારંભે જ માધવીના મનોભાવો વ્યક્ત થયા છે. માધવી ન્યૂઝરીડર છે. સ્પર્ધાત્મકતાવાળી જિંદગીમાં એની પાસે સારા કપડાં, રૂપિયા-પૈસા, માન-સન્માન બધું જ છે. પરંતુ એનું દામ્પત્યજીવન વિચ્છિન્ન થઇ ગયું છે.પતિ સુકેતુ એના પર માનસિક – શારીરિક અત્યાચારો કરી રહ્યા છે. પરંતુ આ વાત કોઇને કહી પણ શકતી ન હતી. સાથી ન્યૂઝ રિપોર્ટર શ્વેતાને પણ નહીં. એકવાર બધાને એણે કહેલું કે, એ જ્યારે મુડલેશ હોય છે ત્યારે સફેદ ડ્રેસ પહેરી લે છે. આજે પણ એને સફેદ ડ્રેસ પહેરવાનું મન છે. પરંતુ સામો પ્રશ્ન પણ થાય છે કે, કોઇક પૂછે તો શો જવાબ આપવો. આ બધી ગડમથલ વચ્ચે ડ્રેસની થપ્પીઓમાં ફાલસા રંગના કોટ હાથમાં આવે છે. કોટનું વર્ણન પણ પ્રતીકાત્મક છે. કોટ ઉપર એકપણ સળ પડ્યો ન હતો. એ કોટ ઉપર પોતાની આંગળીથી જ સળ પડી જશે એવું લાગતું હતું. એ વાત બાજુએ મૂકી એ તૈયાર થઇ અરીસા પાસે બેસી ગઇ. ત્યાં તો એની નજર આંખ પર જાય છે. આંખો સૂઝેલી હતી. બે – ત્રણવાર આંખો જોઇ મેકઅપ કરીને પંખા પાસે બેસી જાય છે.જમણી બાજુ માથે નિશાન હતું. તે એણે વાળથી ઢાંકી લીધું હતું. વ્યવસ્થિત તૈયાર થઇ માધવી ગાડીમાં બેસી જાય છે. માધવી પોતાના અત્યાચારી પતિના વર્તનથી પોતાના ખાલીપાને છૂપાવીને ન્યૂઝ વાંચતી. ન્યૂઝ પણ જાતભાતના હતા. તે એને અંદરથી માધવી માટે એ ન્યૂઝ વાંચવા કપરા બની જતા. કોઇના મરવાના, સળગવાના, કપાવાના, ચોરીના, કૌભાંડોના, અફવાઓના વગેરે. ઘણા સમાચાર એવા હતા જે વાંચતાં માધવી મનથી ભાંગી જતી. તે વખતે સાથી રિપોર્ટર શ્વેતા એને કહેતી; 'કમોન યાર ઇટસ જસ્ટ જોબ બેબી... આપણે તે નથી જે મરી ગયા છે કે આપણે પણ નથી જેવું કોઇ મરી ગયું છે, કોઇક લૂંટાઇ ગયું છે. આ બધા બીજા છે.... આપણે નહીં... આવી રીતે તો તું કામ જ નહીં કરી શકે.... પાણીચું પકડી ઘેર બેસવું છે? ઓલ્વેઝ રિમેમ્બર ડિયર, આપણી કંસર્ન ખાલી વાંચન પૂરતી.... નાઉ ગિવ મી અ બીગ સ્માઇલ...'(પૃ.૧૧૩) અને માધવીને દિલાસો મળી જતો. પરંતુ સામે બત્રા સાહેબ વધારે અસરકારક સમાચારોની સતત માંગ કરતા તેથી શ્વેતા દોડાદોડી કરતી. ઘણીવાર સમાચાર વાંચતાં માધવી પોતાનો અંગત મત પણ રજૂ કરતી. આમ કેમ? આના માટે જવાબદાર કોણ? કોણ આપશે આ પ્રશ્નોના જવાબ? પરંતુ બીજી જ ક્ષણે માધવીને પ્રશ્નોથી બીક લાગી આવે છે. પતિ સુકેતુ એને – ઘરેથી કેટલા વાગે નીકળી? કોની સાથે ફોન પર વાતો કરી હતી? કોની સાથે લંચ લે છે? ઓફિસમાં કોના – કોના રૂમમાં જાય છે? પગારના રૂપિયા કેમ આવ્યા નહીં? વગેરે. એનાથી માધવી ડઘાઇ ગઇ છે. માધવીને આ સવાલો ચિતા સમાન લાગે છે. મનોમન એ બળતી રહે છે. એક દિવસ હિંમત કરીને પૂછી જ લે છે; 'સુકેતુ 'હું તારા માટે શું છું? ઘર સંભાળવું- ચલાવતું મશીન કે કેવળ એક સ્ત્રી? એણે મને નજીક ખેંચી: 'એ બધું જ અને છતાં કંઇ જ નહીં... નથિંગ... કહેતાં – કહેતાં ચામડી પર સળ પાડી દીધા હતા.'(પૃ.૧૧૪) માધવીના મનમાં બીક હતી. તેથી જ બીજા દિવસે એક સમાચારનું દૃશ્ય બતાવાતું હતું, તેમાં એક સ્ત્રીએ એના પતિને જીવતો સળગાવી દીધો હતો. પરંતુ એ સ્ત્રીને જરાય

પસ્તાવો ન્હોતો. ત્યાં હાજર ન્યૂઝ રિપોર્ટરના 'એમ શા માટે કર્યું?' પ્રશ્નનો જવાબ આપતાં કહે છે; 'કર્યું નં સાહેબ... મન તો કે દા'ડાનું થતું'તું આવું કરવાનું. રોજરોજની ઝંઝટ. તે રોજરોજના મરવા કરતાં... વેઠાય તાં લગણ વેઠ્યું સાહેબ... હવે નો'તું વેઠાતું. તારે તો...'(પૃ.૧૧૪) અને એણે શરીર પરના ઘા – ડામના નિશાન બતાવ્યા હતા. એ જોઇને માધવી ડઘાઇ જાય છે. એને પણ એ વખતે – 'સુકેતુની સિગારેટ મારી પીઠ ઉપર અને સાથળ પર ચંપાઇ રહી હતી. હું કાંપવા લાગી.'(પૃ.૧૧૫) અને માધવી એક એકાંત રૂમમાં જઇ બેસી જાય છે. અજંપો અનુભવતી માધવી અનુવાદિત ટૂંકીવાર્તાની એક ચોપડી હાથમાં લઇ, એમાં ઉર્દૂ લેખિકા જિલાની બાનોની વાર્તા 'હવે ન્યાય થશે' વાંચે છે. તે વાર્તામાં પણ ડૉક્ટર શાહિન હુસેન દિવસભર આમીના પર અત્યાચાર કરે છે. અને એજ આમીનાને રાતના સમયે પોતાના પુષ્ટ અને શક્તિશાળી શરીર વડે પકડમાં લઇ લે છે. આમીના પણ સાકરના ગાંગડાની જેમ પીગળી જાય છે. પણ મનથી એ પૂરેપૂરી સમાપ્ત થઇ જતી હતી. ફરી નવો દિવસને નવી શરૂઆત થતી. આ વાર્તા વાંચી માધવી ચોપડી બંધ કરી દે છે. અને મનોમન બોલતી રહે છે; 'હા, હું ખલાસ થઇ ગઇ છું. વેરવિખેર થઇને ખલાસ થઇ ગઇ છું. (પૃ.૧૧૫) ત્યાં જ બાજુના રૂમમાંથી શ્વેતા આવે છે. એ સેન્ડવીચનું લંચબોક્સ ખોલે છે. બંને ખાતાં-ખાતાં સમાચાર મેળવવાની સિસ્ટમની વાતો કરે છે. અત્યારના સમયમાં સરળતાથી ન્યૂઝ મળતા જાય છે વગેરે. ત્યાં માધવી શ્વેતાને કહે છે કે, તારે ન્યૂઝ જોઇતા હોય તો હું સાંજે કહું એ સરનામે આવી જજે. માધવી ઘરે ગાડીમાં પરત ફરી રહી છે. તે વખત ગાડીના કાચ પર પેલી સ્ત્રીનું સ્મરણ થાય છે. ચહેરા પર લેશમાત્ર પણ પસ્તાવો ન હતો. એને સફળ –સંકેત સફળ માધવી કરતાં પણ અસાધારણ લાગે છે. રાત્રે સાડાબાર વાગ્યે શ્વેતાને ફોન કરે છે. માધવીએ કહેલા સરનામે પહેલાં જ પોલિસ પહોંચી ચૂકી હતી. 'મારા ચહેરા પર કેટલાંક નિશાન હતાં.'(પૃ.૧૧૬) ત્યાં સુકેતુ ટૂંટિયુંવાળી પડ્યો હતો. આ જોઇને શ્વેતા ડઘાઇ જાય છે. આ બધું ક્યારથી? એ પ્રશ્ન પૂછી ફસડાઇ પડી હતી. અને બધું જ દબાવી દેવા કહે છે. પરંતુ વાર્તા અંતે માધવી કહે છે; 'ના, કશું જ નથી દબાવવું હવે.'(પૃ.૧૧૬)

અહીં માધવીના પાત્ર દ્વારા સમાચારોની દુનિયામાં કામ કરતી સ્ત્રીની વેદના રજૂ થઇ છે. માધવી જેવી કેટલીયે સ્ત્રીઓ સફળતાના ઉચ્ચ મુકામ પર પહોંચતી હોય છે., પરંતુ પુરુષની સ્વીકારની ભાવનાના અભાવને કારણે માનસિક રીતે તૂટી જતી હોય છે. અને અંતે ઘાતક પગલું ભરવા પ્રેરાતી હોય છે. અહીં સ્પર્ધાત્મક જમાનામાં સ્ત્રીના દામ્પત્ય જીવન સામે પ્રશ્ન ઊભો થઇ ગયો છે. તે માટે પુરુષની સંકુચિત માનસિકતા જવાબદાર ગણી છે. તેથી જ અહીં નવી શરૂઆત કરવા મથતી, અત્યાચારીપતિની સાંકળો તોડતી નારીના પ્રતિનિધિત્વ રૂપ માધવીનું પાત્ર આલેખાયું છે. શિષ્ટ અને તળપદી ભાષાના સંવાદો વાર્તાને કલાત્મકતા આપનારા બન્યા છે.

હિમાંશી શેલત પાસેથી 'મંગલાચરણ'(નવનીત સમર્પણ, ઓગસ્ટ- ૨૦૧૨, અંક – ૮) વાર્તા મળે છે. આ વાર્તામાં વાર્તાનાયિકા આભાની એક અનાથ અને મંદબુદ્ધિ છોકરી પ્રત્યેની સંવેદના પ્રગટ થઇ છે.

વાર્તારંભે જ આભાની વ્યસ્તતા વચ્ચે પણ એણે જોયેલી અનાથ છોકરીનું જ ચિત્ર સામે આવી જાય છે; 'દોડાદોડ પગથિયાં ચડતાં ફરી પાછી પેલી છોકરી પર નજર પડી. માંડ સોળ સત્તરનું કંતાઇ ગયેલું શરીર. એવું ઠીંગુરાયેલું કે ઉંમર પરખાય નહીં. કાળો દોરો ગળામાં, ને કાંડે પણ. ચહેરો ઠીકઠાક. પેટ પરથી લાગ્યું કે દહાડા રહ્યા હશે. છોકરી એકલી જ દેખાતી, આસપાસમાં ન કોઇ નાનું મોટું કે ન કોઇ સરખેસરખું. એની આ દશા માટે જવાબદાર પુરુષ ક્યાંક

હશે તો ખરો જ ને! જોકે ભાગીયે ગયો હોય, એની અંદર થોડો કોઇ જીવ રોપાયો છે કે એને ચિંતા હોય! શી ખબર, છોકરી બહેરીમૂંગી હોય, અને મંદબુદ્ધિ પણ.'(પૃ.૩૩) અનાથ અને મંદબુદ્ધિ છોકરીને રઝળતી – ભીખ માંગતી કરી મૂકનાર પુરુષ પ્રત્યે આભાને આક્રોશ પ્રગટે છે. આભાએ એ અનાથ, ચિંથરેહાલ, ગંધાતા કપડાંવાળી છોકરીની મદદ કરવી હતી. આભા આર્થિક રીતે સમૃદ્ધ છે. દર મહિને ચાલીશ હજાર પગારની નોકરી છે. પતિ અક્ષય સાથે મળીને મહિને એક લાખ કમાવી લે છે. આભાનું જીવન મુક્ત છે. ખાવા – પીવાનું, હરવા – ફરવાનું, પ્રવાસ આદિમાં મુક્તપણે ખર્ચો કરી શકાતો હતો. ત્યાં જ પેલી અનાથ છોકરી યાદ આવી જતી; 'પેલી રાંકડી, વધતા જતા પેટવાળી છોકરી આ ચિત્રનો હિસ્સો બિલકુલ નહીં. ખબર નહીં શી રીતે અંદર દાખલ થઇ ગઇ, તે વખત – કવખત એ આભાને દેખાયા કરતી.'(પૃ.૩૪) વાર્તામાં આગળ એક બિલાડીનું આલેખન છે. આભાના ઘરમાં પ્રતીકાત્મક રીતે પ્રવેશે છે. એનો કર્કશ અવાજ સાંભળીને અક્ષયનો મિત્ર કહેતો કે, આ મેટિંગ કૉલ છે. અહીં જ કોઇ માદા હોવી જોઇએ. એક દિવસ અક્ષય દિલ્હી કામસર ગયેલો ત્યારે વરસાદી વાતાવરણમાં આભા બાલ્કનીના ખૂણામાં બિલાડી જુએ છે. આભા પરવારીને પેલી અનાથ છોકરીને શોધવા જાય છે. પરંતુ એ શોધી શકી ન હતી. આભા એની સખી આરાધના પાસેથી ખબર પૂછે છે. છોકરીને પેઈનબેઈન તો થતું નહીં હોય ને. એ ચિંતા કરે છે. આભા પોતાની જાતને જવાબદાર ઠેરવી રહી હતી કે, છોકરીને એ સમયે જ ઘરે લઇ આવવી જોઇતી હતી. મોટું શહેર એને ગળી ગયું હશે એવું મનોમન વિચારે છે. વરસાદી વાતાવરણમાં ફરી પાછી એ ગર્ભવતી બિલાડી આવે છે. તેને જોઇ આભાને અનાથ છોકરી યાદ આવે છે. આભાએ બિલાડીને અંદર બોલાવવા પ્રયત્ન કરે છે. એને રકાબીમાં દૂધ આપે છે. અને બિલાડીના માથે હાથ ફેરવે છે. વાર્તા અંતે એ અનાથ છોકરીને પણ; 'બિલકુલ ગભરાતી નહીં, હું છું ને!'(પૃ.૩૯) કહે છે.

વાર્તાનાયિકા આભાની સ્ત્રી સહજ માનવીય સંવેદના પ્રગટે છે. આભા એક નારી છે. જે બીજી નારીની સંવેદના સમજી શકે છે. તેથી જ એ અનાથ છોકરી માટે સહારો બની રહે છે. સરળ ભાષામાં સ્ત્રી સહજ સંવેદના અહીં આલેખાઇ છે. વર્ગ વિષમતા, અનાથ સ્ત્રીઓના શોષણની વેદના અહીં રજૂ થઇ છે. પ્રતીકાત્મક રીતે અનાથ છોકરીની વેદનાને વાચા અપાઇ છે.

હિમાંશી શેલત પાસેથી 'દહન' (નવનીત સમર્પણ, જુલાઇ – ૨૦૧૩, અંક – ૭) વાર્તા મળે છે. આ વાર્તા બંગાળી ફિલ્મકાર ઋતુપર્ણા ઘોષની ફિલ્મ 'દહન' એક કાર્યશિબિરમાં જોઇ હતી. તેના ઉપરથી રચાઇ છે. આ વાર્તામાં સ્ત્રી જીવનની સંકુલ ક્ષણોને આલેખવામાં આવી છે.

લેખિકાની સખીઓ – શીતલ, મિસિસ માધવાની, ચેતના, મિરાત ફિલ્મ જોવાનો શૉ ગોઠવનાર મોહિની આદિ ગ્રુપમાં મળે છે. વાર્તાની શરૂઆતમાં નવી પરણેલી યુવતી પિયરમાં કાગળ લખી રહી છે. નવવધુ પતિ પલાશ સાથે કલકત્તાના કોઇ સ્ટોરમાં ખરીદી કરી રહી છે. ખરીદી કરી બહાર આવતાં; 'પત્નીને એક ઝાડ નીચે ઊભી રાખી પુરુષ રસ્તો ઓળંગી સામે જઇ રહ્યો છે. કદાચ રિક્ષા લેવા, કે પછી સિગારેટ ખરીદવા? અંધારું જામી રહ્યું છે અને વરસાદનું જોર વધી રહ્યું છે. સહેજ વેગળે ઊભેલા ચારેક છેલબટાઉ છોકરડા એકલી સ્ત્રીને જોઇ ચંચળ બને છે, પહેલાં એલફેલ બોલવાનું, અને ધીમે ધીમે એમની હલકી દાનત, બેલગામ બને છે. લાચાર સ્ત્રી પ્રતિકાર તો કરે છે, પણ પેલા ચારેય એની નજીક આવી જતાં એ જરા ભય પામે છે. પતિને બૂમો મારે છે.સાંજના વરસાદને કારણે વધી ગયેલી દોડાદોડમાં એ અવાજ તરત નથી પહોંચતો. અંતે એ દોડતો આવે છે. સ્ત્રીનો અવાજ એના સુધી તરત ન પહોંચવાનું એક કારણ એની સિગારેટની

તલપ, અને સિગારેટ સળગાવવાની તન્મયતા હોઇ શકે?'(પૃ.૪૩) અહીં ચેતનાને પણ એનો પતિ ભાવેશ પલાશ જેવી આદતો વાળો લાગે છે. એ દલીલ કરતી તો સામો એ પ્રત્યુત્તર આપતો; 'ચર્ચિલ ચિરૂટ નહોતા પીતા? અજય દેવગણ પીએ છે કે નહીં? મોં ખોલે તો અંદર ભઠ્ઠો જલતો હોય એવી વાસ આવે.... છી! મનોમન આ 'છી!' જેવો એકાક્ષરી અથડાયા કરે, પણ મજાલ છે ચેતનાની કે પ્રગટપણે એ ઉચ્ચારાય?'(પૃ.૪૪) ફિલ્મમાં આગળ નાયિકા રોમિતાને બચાવતો પલાશ ફસડાઇ પડે છે. ચારે નરાધમો રોમિતાને ઉઠાવી જવા માંગે છે. ત્યાં કોઇ મદદ કરતું નથી. ત્યાં જ ફિલ્મ જોતી શીતલ કહે છે – કલકત્તામાં એકવાર એવી જ મદદ કરવાના બહાને બાપી સેન વચ્ચે પડેલો તેને મારી નાંખવામાં આવેલો. હવે રોમિતાની છેડતીને છૂપાવવા પ્રયત્ન કરે છે. કારણ કે, એનો અહંકાર છંછેડાય છે; 'બચી ગયા એજ મુખ્ય છે, આવું તો થયા કરે. જરા હાથ આમળ્યો, ખેંચતાણ થઇ, એમાં આવો શો હોબાળો? નાયક પલાશ ઓફિસમાં જે કોઇ પેલા બનાવ અંગે પૂછે તેને આવો જવાબ આપે છે, અને ઘેર રોમિતા પલાશનું સાવ અલગ રૂપ જુએ છે.'(પૃ.૪૫) પલાશ રોમિતાના ભૂતકાળ પર સંશય કરે છે. ત્યારે રોમિતા લાચાર બની જાય છે. ફિલ્મ જોતી સુનંદાનો પતિ જનાર્દન પણ આવો જ સંશય વ્યક્ત કરે છે.

ફિલ્મ જોતી વખતે દસ મિનિટનો વિરામ લેવામાં આવે છે. ત્યારે મિરાતે સાથે લાવેલું નાસ્તાનું પેકેટ ખોલી શીતલ સામે ધરે છે. ત્યાં મિરાતની મોટી બહેન વિશે પૂછે છે. મિરાતની મોટી બહેન છૂટાછેડા લેવા માંગે છે. પરંતુ નાની દીકરી ટીનીના કારણે તે એમ કરી શકી નહીં. તેથી જ મોટી બહેને એના માટે ખમ્યું હતું. પણ હવે સહન ન થતાં કોર્ટમાં કેસ કર્યો છે. શીતલ કહેતી હતી કે, લગ્ન વખતે તો એમ જ લાગતું હતું કે, આ બેસ્ટ કપલ હશે. પણ મોટી બહેનને સમજી ન શકનાર એ પતિ – પુરુષનો દોષ ગણાવે છે.

ફિલ્મના ઉત્તરાર્ધમાં પડદા ઉપર ઝીનુક અને ભાવિ પતિ તુનિરનું જીવન કંડારાયું છે. એની સાથે જ મિરાત મનોમન વિચારે છે કે, 'ઝીનુક તુનીરને કેમ ન પરણી?' પોતે ગમતા પુરુષને પરણી તો ઝીનુક પરણવી જોઇતી હતી. તેમ ન બનવાથી વેદના અનુભવે છે. ફિલ્મ જોઇ પરત ફરેલી મોહિની અને પતિ શ્રીકાંતના જીવનમાં પણ ફિલ્મ ચાલતી હોય તેમ – 'ઇટ ઇઝ હર પ્રોબ્લેમ'(પૃ.૪૭) જેવું વાક્ય સાંભળી આઘાત અનુભવે છે. દરેક વખત એને આ વાક્ય સંભળાવીને તોડી નાંખવામાં આવે છે. વાર્તા અંતે આક્રોશમાં આવી જઇને મોહિનીની આંખો બળવા લાગે છે.

આ વાર્તામાં ફિલ્મ જોવાના પ્રસંગની સાથે, ફિલ્મ જોતી લેખિકાની સખીઓનાદામ્પત્યજીવનની સમસ્યાઓ, વેદનાઓ પણ સાથે – સાથે આલેખાતી જાય છે. વાસ્તવ જીવનમાં સ્ત્રીઓની પીડાને ફિલ્મી પડદે કંડારનાર ઋતુપર્ણા ઘોષને અંજલિ રૂપે આ વાર્તા લખાઇ છે. સરળ ભાષામાં આ વાર્તા લાઘવપૂર્ણ રીતે આલેખાઇ છે.

મેઘા ત્રિવેદી પાસેથી 'ખાલીપો' (નવનીત સમર્પણ, જાન્યુ- ૨૦૧૪, અંક – ૧) વાર્તા મળે છે. આ વાર્તામાં કથાવસ્તુમાં સ્ટેજના નાટક વણી લેવાયા છે. નાટકના દ્રશ્યો વાર્તા આરંભે જ મુકાયાં છે. વાર્તાના શીર્ષક મુજબ 'ખાલીપો'એ વાર્તાનાયિકાની મનોસ્થિતિને રજૂ કરવામાં આવી છે.

વાર્તાનાયિકા પ્રીતિ અને રેણુ નાટક જોઇ રહી છે. જેમાં સ્ત્રી ખાલીપો દૂર કરવા દરિયા પાસે જઇને બેસતી. ત્યારે દરિયો એને પતિ માટે સુખની આશા ન કરવાનું કહે છે. પરંતુ એ સ્ત્રી અડગ રહે છે. ત્યારે દરિયો પણ ઇર્ષ્યા કરે છે. એક દિવસ પાછા ફરતા પતિનું વહાણ ડૂબી જાય

છે. તેમાં પતિ પણ મૃત્યુ પામે છે. સ્ત્રી હવે દરિયા પાસે આવતી નથી, તેથી દરિયો પસ્તાવો કરે છે. નાટક પૂરું થાય છે. ત્યારે રેણુને આ નાટક વેવલું લાગે છે. કારણ પણ હતું; 'રેણુની દુનિયામાં કોઇની રાહ જોવાની નહોતી. કેરિયર બન્યું નહીં અને સમય વીતી ગયો હતો. એના જીવનમાં એક પોલાણ રચાયું હતું. જેને તેણે કંટેમ્પરરી સમસ્યાઓ, રાજકારણની ઊછળેલી ચર્ચાઓ, લેટેસ્ટ ફેશન અને ટીવી સિરિયલથી માંડી આર્થરાઇટિસ્ટ જેવા ચળકતા શબ્દોનાં પોસ્ટરો ચીટકાડી પોલાણને રૂપાળું બનાવ્યા કરતી. ખૂબ બોલતી એમાં જ તે એને સુરક્ષિત અનુભવતી.'(પૃ.પ૧) પ્રીતિનો પતિ સારો બિઝનેસ કરે છે. તેથી એ સમય આપી શકતો નથી. અને તેને ચીટકી રહેવાને બદલે કીટી જોઇન કરવા કહે છે. તેથી એ ત્યાં મન પરોવે કીટીમાં પણ આવા જ ખાલીપાવાળી સ્ત્રીઓ હતી, કોઇને કોઇ સમસ્યાઓ હતી. એ કીટીમાંથી રાતે પરત ફરી ત્યારે દિકરી રૂપના રૂમમાં જાય છે, ત્યાં એ રૂપ અસાઇમેન્ટ લખી રહી છે. જ્યારે દિકરો વેદાંત પણ એના રૂમમાં ટોય-કાર્સ વચ્ચે ઊંઘતો હતો. પ્રીતિએ એના રૂમની લાઇટ ઓન કરીને થોડીવાર લેપટોપ પર સર્ફિંગ કર્યું. પછી મેઇલ ચેક કર્યો તો પતિ સાર્થકનો મેલ હતો કે, આવતીકાલે એનો રૂમમેટ પરમ બે દિવસ કવિસંમેલનમાં ભાગ લેવા માટે ઘરે રહેવા આવશે. આ જાણીને પ્રીતિ ઝણઝણી જાય છે. નામ સિવાય કોઇ માહિતી સાર્થકે આપી ન હતી. એને ફોન કરીને પૂછવાનું મન થાય છે પણ એ અત્યારે ફ્લાઇટમાં હશે. તેથી એણે લેપટોપ બંધ કરી દીધું. અને ઊંઘવા પ્રયત્ન કરતી હતી: 'બેડ પર જમણી બાજુ ખાલી હતી. આમ તો સાર્થક અને પ્રીતિ સાથે જ આ મેકબિલિવ વર્લ્ડમાં પ્રવેશતાં. બેડરૂમના વર્લ્ડમાં બે શરીર અને વચ્ચે પડી રહેતી ખોખરી લસ્ટથી રાત અઘરી બની જતી.'(પૃ.પ૩) પહેલાં તો બંને સાથે જોગિંગ કરતાં. હવે પ્રીતિ રસોડામાંથી બહાર આવી શકતી ન હતી; 'ચહેરા પરના ભાવોને પરફેક્ટ કરવામાં એના અંતરના ભાવો પર કાતર ફરી જતી. ચીરા પડી ગયેલા પગની પાનીમાં ખારું પાણી અડતાં ચચરાટ થઇ જાય એવો ચચરાટ પ્રીતિને થઇ આવ્યો.'(પૃ.પ૩) બીજા દિવસે પરમ આવે છે. દેખાવ ઉપરથી તો એ કવિ લાગતો ન હતો. તે માત્ર શહેર જોવા આવ્યો છે જાણી પ્રીતિ આશ્ચર્ય પામે છે. એ તો માત્ર કૉલેજમાં હતો ત્યારે કવિતા કરતો હતો. ફ્રેશ થઇ એ શહેર જોવા નીકળી પડે છે. એની પત્ની ગૌરી બીમાર હતી તેથી સાથે આવી ન્હોતી. આખો દિવસ શહેરભરમાં ફરીને, ત્યાંનું જીવન અને લોકોના હાવભાવ જોઇ આ ભીડભાડમાં પોતાની જાતને શોધવા પ્રયત્ન કરે છે. પરમ શહેરના વાતાવરણ માટે બોલે છે; 'વાતાવરણ એકસામટું બોલી રહ્યું છે. કંડારાઇને તૂટેલી આસ્થાની લખાયેલી કવિતા વડની વડવાઇઓ વાંચી બતાવે છે. તેના પવનમાં હાલતી ડાળીઓ પર પીળી સુગરી ચાંચથી ટાંકા ભરી રહી છે. કાળની થપાટોમાં ઘસાયેલા પથ્થરો હજુયે ઇતિહાસ રચી રહ્યા છે. પાસે વહેતી નદીનાં પાણી, માનવોએ મૂકેલી શ્રધ્ધાને સ્પર્શી વહી જાય છે. આકાશે રંગ બદલી વરસાદ પડી ચૂક્યાની એંધાણી દર્શાવી છે. હવે રીતિ – રિવાજો સચવાય છે, ફૂલો ઊગે છે ને કરમાય છે. પાંદડાં કોળે છે ને ખરે છે, અને વરસાદ  એમ ત્યાં પડઘાયા કરે છે. રોજ સૂર્યનું ડૂબતું છેલ્લું કિરણ આ ખંડેરને અજવાળી જાય છે. ખાલીપણાની આ ભીડથી વિશેષ આ શહેરનું કયું સંભારણું ગૌરી માટે લઇ જાઉં?'(પૃ.પ૬) સાંભળીને પ્રીતિ આશ્ચર્ય પામે છે. ત્યાં જ બીજા દિવસે પરમ જતો રહે છે અને સાર્થક પાછો આવી જાય છે. સાર્થક પાસેથી જ જાણવા મળ્યું કે, પરમે એક બહેરી – મૂંગી છોકરી જોડે લગ્ન કરેલાં, પરંતુ એ એકસિડન્ટમાં મૃત્યુ પામી હતી. એની માનવતાનો કોઇ જોટો ન હતો. આ સાંભળીને પ્રીતિને પરમ જે એ રૂમમાં રોકાયેલો ત્યાં જઇ બારીમાંથી જીવન જોવા જાય છે ત્યાં એને પરમના શબ્દો વાંચવા મળે છે. જેમાં હૃદયના

કોમળ ભાવોમાં કંડારેલા ખાલીપાના શબ્દોને વ્યક્ત કરેલા જોઇને પ્રીતિ ક્યાંય એ શબ્દોને વાગોળતી રહે છે.

વાર્તાનાયિકા આર્થિક રીતે સમૃદ્ધ છે. પતિ સારું કમાય છે. બે બાળકો છે. તેમ છતાં જીવનમાં સતત ખાલીપો અનુભવે છે. તેથી શહેરમાં ચલણી કીટીમાં જોડાય છે પરંતુ ત્યાં પણ એ ખાલીપો ભરી શકતી નથી. પરંતુ પરમ જે રીતે એની પત્ની માટે સંવેદના અનુભવે છે. તે જે રીતે ખાલીપાના સમયમાં પ્રકૃતિના રૂપોને જુએ છે તે રીતે વાર્તાનાયિકાને ખૂબ ગમી જાય છે. સરળ ભાષામાં વાર્તાનાયિકાની મનોસંવેદના આલેખાઇ છે. પ્રતીકાત્મક રીતે મનના ઊંડાણને તાગવા મથતી નાયિકા શહેરી, શિક્ષિત અને આર્થિક રીતે સમૃદ્ધ સ્ત્રીનું પ્રતિનિધિત્વ કરે છે.

પન્ના ત્રિવેદી પાસેથી 'અમોલી' (નવનીત સમર્પણ, મે – ૨૦૧૪, અંક – ૫) વાર્તા મળે છે. આ વાર્તામાં ગામમાં ભરાતા મેળામાં રૂઢ-પરંપરા અનુસાર જે સ્ત્રીની માંગમાં પુરુષ સિંદુર ભરે તેને તેની પત્ની બની રહેવું પડતું. એ રૂઢિમાં ફસાઇ જતી માત્ર તેર વર્ષની વાર્તા નાયિકા અમોલીની વેદના અહીં કલાત્મક રીતે નિરૂપાઇ છે. ફ્લેશબેક ટેકનિકનો અહીં પ્રયોગ થયો છે.

વાર્તારંભે જ અમોલીના ઘરના બારણાની સાંકળ ખખડે છે. અમોલી તેર વર્ષની છે. તે બારણાની સાંકળ ખખડતાં જ ઘરના ખૂણામાં ટોપલા પાસે સંતાઇ જાય છે. અને મા કાળીને જ યાદ કરતી રહે છે. કારણ કે , ગામના મેળામાં જમીનદારે એની માંગ સિંદૂરથી ભરી દીધી હતી. તેથી એ એને લેવા માટે આવ્યો છે. પહેલાં ઘટના એવી બની હતી કે, અમોલીનો ભાઇ જુવાન છે, તે લાકડાં કાપવાનું કામ કરે છે. માં ઘર અને ખેતરનું કામ સંભાળે છે. તેઓ બંને પણ ઘરની સાંકળ ખખડતાં ગભરાય છે. ગામની આસપાસ અડાબીડ જંગલ હતું. એ જંગલમાં જે પણ જતું તે પાછું ફરતું નહીં. એ ગામમાં ભરાતા પીર છલ્લાવાળી જગ્યાએ ભરાતા મેળાની અનેક રૂઢિઓ હતી; 'પુરુષો ગજવામાં સિંદૂરની દાબડીઓ નાંખીને ફરતા અને આંખને ભાવી ગયેલી કોઇ પણ છોકરીની માંગને સિંદૂરથી ભરી દેતા. બસ, સેંથામાં સિંદૂર પડ્યું કે એ જ ક્ષણથી પેલી સ્ત્રી એની 'ઘરવાળી'માં ખપતી થઇ જતી.'(પૃ.૧૦૮) કેટલીક સ્ત્રીઓ પણ એ સહજ સ્વીકારતી હતી. અને કપડાનું પોટકું ભરી એ પુરુષ જોડે ચાલી નીકળતી. પરંતુ 'કોઇપણ પુરુષ' એ સ્ત્રીઓને અઘરું તો લાગતું જ. મેળાની રૂઢિને કારણે કુંવારી છોકરીઓની માઓને ચિંતા રહેતી. બંને પાસાં આ રૂઢિ સાથે જોડાયેલાં હતાં; 'ભલા આદમીના હાથે પુરાયેલું સિંદૂર એને માટે સૌભાગ્ય બની રહેતું.'(પૃ.૧૦૯) નાની છોકરીઓની માતાઓને મન ચિંતા રહેતી કે, દેવીમાની સારી કૃપા બની રહે. અમોલી પણ આ મેળામાં ગઇ હતી. માએ ધ્યાન રાખ્યું હતું. અમોલીની સખી પણ મેળામાં ગઇ હતી. તે કોઇ પુરુષ એની માંગ ભરીને ઘરે લઇ ગયેલો. પછી તો બીજા દિવસે શરમાતી અને મોટી-મોટી લાગતી હતી. તેથી અમોલીને પણ મેળામાં માંગ ભરનાર આદમીઓમાં કંઇ વિશેષ હોવાનું માને છે. અમોલી મા સાથે ખેતરમાં નીંદામણ કરે છે. પરંતુ એનું મન તો દૂર મેળામાં હતું. મેળામાં ગવાતું ગીત એને વ્યાકુળ કરે છે. અમોલી નીંદામણ કરે છે; 'અમોલીએ માંથી થોડે આઘે જઇને દૂર દૂરનું નિંદામણ કાઢવા માંડ્યું પણ ભીતર તો અનેક સપનાંઓની વાવણી કરતી જતી હતી.'(પૃ.૧૧૦) ત્યાં જ મા એને ચોખા લેવા મોકલે છે. ભાઇ પાસેથી પંદર રૂપિયા લઇ એ ચોખા લેવાને બદલે મેળામાં પહોંચી ગઇ હતી. મેળાનું વાતાવરણ જોવા જેવું હતું; 'કેટલાક લોકો કાંસાના કટોરામાં તાડી પીતા હતા. માથામાં પીળાં-કેસરી ગલગોટાનાં ફૂલો, હાથમાં લીલી-લીલી ચૂડીઓ, નાકમાં ચમકતી ચૂની, અંગે કોરું કટ્ટાક લૂગડું, ગળામાં મોર-હાંસડી ને પગમાં વજનદાર કલ્લાવાળી સ્ત્રીઓને અમોલી એકીટશે તાકી રહી.'(પૃ.૧૧૧) અમોલી મેળામાં પહોંચી જઇ

નાચવાવાળાના કુંડાળામાં પહોંચી જાય છે. લુખી એને પાછી આવવા કહે છે. પરંતુ અમોલીને તો નાચવું છે. બુદ્ઢીકા બાલ ખાવાની ઇચ્છા થતાં અમોલી બે વાર ખાઇ લે છે. તેથી ભાઇએ ચોખા લેવા પંદર રૂપિયા આપેલા તેમાંથી આઠ જ રૂપિયા બચે છે. ભાઇને શો જવાબ આપશે તેમ વિચારે છે. પણ બારને બદલે આઠ રૂપિયાના જ ચોખા લઇ જાય તો શું થવાનું છે. પણ માની આંખો તો ત્રાજવાં જેવી છે. આ ગડમથલમાં હતી ત્યાં જ મોટી ઉંમરના જમીનદાર ભીમરાવે અમોલીની માંગ ભરી દે છે. ત્યાં તો બધાએ ચિચિયારીઓ અને તાળી પાડી તેમજ ઢોલ વાગ્યા હતા. પરંતુ અમોલી એને પતિ માનવાનો ઇન્કાર કરે છે. પોતાના સ્વામીને ધૂત્કારે છે તેથી જમીનદારની આબરૂ જાય છે. જમીનદારની પહેલી પત્ની મરી ગઇ હતી. બે ભાગી ગઇ હતી. એક પત્ની હયાત હતી. તેથી એ શોક્ય જ બની હતી. અમોલી ત્યાંથી ઘરે જાય છે. જમીનદાર એને લેવા માટે જાય છે. પરંતુ અમોલી માનતી નથી. અમોલીની મા જમીનદારનું નામ સાંભળીને રાજી થઇ જાય છે. અમોલીની મા અને ભાઇ જમીનદારની માફી માંગે છે. અમોલીની મા આખી રાત જાગતી રહી. અને એને સમજાવતી રહી કે, તું તો જમીનદારની ઘરવાળી. ખૂબ રુઆબ રહેશે વગેરે. પરંતુ અમોલીને એ માથે બાલ વગરના વૃદ્ધ દેખાતા પુરુષને પતિ માનવાનું મન થતું ન હતું; '... પણ મા, એ તો લુખીના બાપ કરતાંય મોટો ને ભૂંડો લાગે છે. પછી એનાં ઘરેણાં ને ઘાઘરી – પોલકાંને અડકેય કોણ? ને તેં જોયું નંઇ? એને તો માથે વાળ પણ નહોતા! હું નંઇ માનું એને મારા સ્વામી.'(પૃ.૧૧૪) ખુબ સમજાવટ પછી અમોલી કપડાંની પોટકી બાંધીને જવા નીકળે છે. મા એને છાતી સરસી ચાંપી 'જુગ જુગ જીવ અમોલી'ના આશીર્વાદ આપે છે. પણ અમોલીની મા પણ એક સ્ત્રી છે તેથી; 'અંદર, અમોલીની માની એક આંખ હસતી હતી ને બીજી રડતી હતી.'(પૃ.૧૧૪) અમોલીની મા આ પ્રસંગથી દુ:ખી જ છે. પરંતુ તે અંદર જ દબાવી રાખે છે. અને અમોલીને સાંત્વના આપવા કહેતી કે, માથાના વાળની શી જરૂર. તો ભાઇ પણ કહેતો કે, હું આખી જિંદગી તને નંઇ પોષું. અમોલી જમીનદારના ઘરે જવા નીકળે છે. ત્યાં ત્રિભેટો હતો. એક જમીનદારના ઘર તરફ બીજો પાછો પોતાના ઘર તરફ અને ત્રીજો જંગલ તરફ. જે જંગલમાં જાય તેના કાન બહેરા થઇ જાય છે. અને પાછા આવી શકાતું નથી. તેથી; 'અમોલીએ જંગલમાં પગ મૂકી દીધો.'(પૃ.૧૧૪)

અહીં માત્ર તેર વર્ષની ઉંમરની વાર્તા નાયિકા પોતાને ન ગમતા પુરુષ જોડે રહેવાને બદલે જંગલ પસંદ કરી લે છે. 'જંગલ' સંજ્ઞા સમાજની કુરૂઢિઓ અને ક્રૂરતાનું પ્રતીક બની રહે છે. અહીં અમોલી અને અમોલીની માની પીડા ઝીણવટતાથી આલેખાઇ છે. સરળ ભાષાના સંવાદો, વસ્તુની રજૂઆતમાં પ્રયોજાયેલું પ્રતીકાત્મક ગદ્ય વાર્તાની કલાત્મકતામાં વધારો કરે છે. રૂઢ પરંપરામાં સ્ત્રીઓનું થતું શોષણ અહીં ધારદાર રીતે રજૂ થયું છે. ગ્રામજીવનની નારીનું પ્રતિબિંબ અમોલીના પાત્ર દ્વારા પ્રગટે છે. નોખા વિષયને લેખિકા કુશળતાપૂર્વક ન્યાય આપી શક્યાં છે.

ગિરિમા ઘારેખાન પાસેથી **'લાપશી'** (નવનીત સમર્પણ,એપ્રિલ – ૨૦૧૫, અંક – ૪) વાર્તા મળે છે. આ વાર્તામાં બે વૃદ્ધ પાત્રો પોતાના વિદેશ ગયેલા દિકરા સાથે દર રવિવારે ફોન દ્વારા વાતો કરે છે. અને આ ખુશીમાં લાપશી બનાવીને ખાય છે. સુખદ આરંભ અને સુખદ અંત ધરાવતી આ વાર્તામાં દિકરા માટેનો સ્નેહ અને દિકરાની પ્રગતિ માટે માએ કરેલો સંઘર્ષ રજૂ થયો છે.

વાર્તા નાયિકા મેનાબા અને પતિ રવજીભાઇનો એક દિકરો દિગંત છે. તે ભણીને વિદેશમાં

સ્થિર થયો છે. તેની પત્ની અને બે સંતાનો દરરોજ અગિયાર વાગ્યે ફોનથી વાતો કરે છે. વાર્તારંભે જ ઘરમાં રહેતાં બે વૃદ્ધોની સ્થિતિ આલેખાઇ છે. ત્યાં જ ફોનની ઘંટડી રણકે છે. મેનાબા હીંચકા ઉપર બેસીને માળા જપતાં હતાં. તેઓ ઊઠે ઊઠે ત્યાં સુધીમાં તો રવજીભાઇ ફોન ઉપાડી લે છે. મેનાબા કોનો ફોન છે? એવું પૂછે છે ત્યાં તો રવજીભાઇ ફોન મૂકી દે છે. એમ પણ એને બરાબર સંભળાતું ન હતું. મેનાબા એને સંભળાતું નથી તેથી ફોન નહીં ઉપાડવાની સૂચના આપે છે. રવજીના કાન અને મેનાબાના પગ એકબીજાનો વાંક કાઢતા રહે છે. આજે રવિવાર છે તેથી દિગંત ફોન કરે છે. રવજીને હવે તો યાદ પણ રહેતું ન હતું કે આજે રવિવાર છે. દિગંત સાથે વાત કર્યા પછી બહુ દિવસ પર મેનાબા પાસે રવજીભાઇ માંગ કરે છે કે; 'આજે તો શીરો કે લાપશી કંઇ બનાવ, બહુ દિવસ થયા.'(પૃ.૯૯) દિકરા જોડે વાત કરવાની ખુશીમા તેઓ લાપશી બનાવી ખાય છે. ફરીથી ફોન આવતાં મેનાબા ફોન ઉપાડે છે. અને દિગંત, વહુ, બે બાળકો સાથે વાતો કરે છે. રવજીને પણ થોડીવાર વાત કરવા ફોન આપે છે. ફોન મૂકીને રવજીને લાપશી ખાવાની ઝાઝી તલપ થઇ આવે છે. ફોન પર દિગંતે કહ્યું હતું કે, બંને ને પાસપોર્ટ કરાવી લઇ ફરવા આવવા કહે છે. પરંતુ મેનાબા ના પાડે છે. રવજી પણ એના વગર જવા તૈયાર નથી. તેઓ દિગંતને જ થોડા દિવસની રજા લઇને બધાની સાથે આવવા કહે છે. થોડાં વર્ષો પહેલાંની પરિસ્થિતિ યાદ કરતાં રવજીને યાદ આવે છે કે, મોંઘી સ્કૂલમાં ફી, બીમારીના ખર્ચામાં સંઘર્ષ હતો. હવે વધારે ખર્ચ કરવો નથી. એકવાર સ્કુલમાં ભણતી વખતે દિગંતને સોમનાથ ટૂરમાં જવાનું મન હતું. પરંતુ એટલા પૈસા ન હતા તેથી મેનાબા પગના સાંકળા વેચી ફી ભરી આવી હતી. પછી દિગંતને ખબર પડતાં એ ખુબ રડ્યો હતો. અને પહેલી ટ્યુશનની કમાઇમાંથી નવા સાંકળા લઇ આવ્યો હતો. વહુ પણ સારી મળી હતી. દિકરાનો સંઘર્ષ અને પછી સફળતા યાદ કરતાં રવજીનું હદય ભરાઇ આવે છે. તેમ છતાં છોકરાના સંસ્કાર જોતાં એમનું તો જાણે ઘડપણ સુધરી ગયાનું અનુભવે છે. હવે મેનાબાને રસોડામાં મોડું થયું છે. ત્યાં જ રવજી એના હાથ પકડી લઇને પરસ્પરના અસ્તિત્વને પામવા મથામણ કરે છે. અને જીવનમાં મીઠાશ ઉમેરતા હોવાનું અનુભવે છે.

આ વાર્તામાં સંઘર્ષ પછી સફળતા મેળવનાર દિકરા પ્રત્યેની વૃદ્ધ મા-બાપની સંવેદના આલેખાઇ છે. અહીં મેનાબા વાર્તા નાયિકા છે. પહેલાં પતિ અને પછી દિકરા માટે સંઘર્ષ કર્યો જેથી આજે ઘડપણમાં પણ મનને શાંતિ રહે છે. મેનાબા અને દિગંતની વહુ એમ બે સ્ત્રી પાત્રો અહીં આલેખાયાં છે. જેમાં પુરુષની સફળતા માટે આ બંને સ્ત્રીઓની ભૂમિકા મહત્વની હતી. જે આ વાર્તામાં સરળ ભાષામાં આલેખાઇ છે. વિદેશમાં રહેતાં દિકરાનાં સંતાનો સાથે અંગ્રેજીમાં વાત કરતાં મેનાબાનું સંતાનો પ્રત્યેનું વ્હાલ પ્રગટે છે.

રાઘવજી માધડ પાસેથી 'વર અને ઘરની વારતા'( નવનીત સમર્પણ, જૂન – ૨૦૧૬, અંક – ૨) વાર્તા મળે છે. આ વાર્તામાં શહેરમાં જઇ ઘર લેવાની કામના ધરાવતી વાર્તાનાયિકાને મુકાદમ દ્વારા અપાતું પ્રલોભન અને કાળી મજૂરી કરતાં અનુભવાતો સંઘર્ષ નિરૂપાયો છે.

શરૂઆતમાં તો શહેરમાં ઘર લેવાનું વાર્તાનાયિકા વીજુ એના પતિ સમક્ષ ઇચ્છા પ્રગટ કરે છે. પરંતુ શહેરમાં ઘર લેવાનું એટલું સરળ હોતું નથી. એ વાત પતિ કાના સારી રીતે જાણે છે. ગામડેથી શહેરમાં જઇ જીવવું એટલું સરળ નથી. તેથી શરૂઆતમાં તો ભાડાના મકાનમાં રહેવું પડે તે કાના સારી રીતે જાણે છે. વીજુની હઠ સામે કાના હારી જાય છે. તેઓ ઘર ખરીદે છે. અને વીજુને ઘર જોઇ લેવા કહે છે. તે ઘરની સ્થિતિ સારી ન્હોતી. પરંતુ વીજુને તો ઘર જોઇતું હતું; 'ઇંટ

– પતરાનું ને આજુબાજુ ગટર – ગંદકીવાળું હતું.... પણ ઘર હતું ને સૌથી મોટું તો, ઘરવાળો હતો. વીજુ માટે તો આયખાભરનું સુખ સાગમટે આવી ગયું હતું, આ સુખ માટે શબ્દનો પનો ટૂંકો પડે તેમ હતો.'(પૃ.૭૬) એ રાત વીજુની આનંદની રાત હતી. પણ ત્યાં જ એ ખીંટીએ ટીંગાડેલો ઘાઘરો જોઇ વીજુ કાનાને પ્રશ્ન કરે છે. પણ કાનો જવાબ આપી શકતો નથી; 'કાનાનું લીંબોળી જેમ લટકી પડેલું મોં વીજુને અજુગતો અણસાર આપી ગયું હતું. આંખમાં અંગારો ચંપાયો હતો. પંડ્યમાં બળતરા પ્રસરવા લાગી હતી. લોહીની ગતિમાં એકાએક ઉછાળો આવ્યો હતો. ધ્રુજારી વ્યાપી ગઈ હતી. સોય જેવી નજરે કાનાને ત્રોફ્યો હતો... પછી ભડભડતી જ્વાળા જેમ જોતી રહી હતી.'(પૃ. ૭૭) કાનાને વીજુ માટે ઘણી લાગણી હતી. તે જ કાનાને આજે વીજુ માટે પણ લાગણી ઉભરાઇ આવી હતી; મનોમન ઉત્તર વાળી લીધો હતો – 'ગોળ તો ગમે ત્યારે ગળ્યો લાગે – રાત હોય કે દિવસ...'(પૃ.૭૭) વીજુ માટે એકાંત જીરવવું કપરું હતું. તે વિચારતી કે, સ્ત્રી માટે એકાંત જીરવવું અને એકલાં રહેવું સૌથી કપરું હોય છે. પોતાની જાતને એકાંતમાં રાખવી અઘરી રહેતી; 'અસ્તરીની જાત માટે સૌથી ભૂંડું હોય તો એકાંત ને એકલાં રે'વું....' જાણે ઘાવ માથેથી ભીંગડું ઊખડી ગયું હતું... લોહીઝાણા પીડા દડદડવા લાગી હતી. એમેય કહેતી હતી – 'એકાંતની તો એસીતેસી... ઘોળી પી જાંવ. પણ જનાવરો જેવા મનેખથી જાતને કેમ જીવતી રાખવી ઇ તો મારૂં મન જાણે છે..'(પૃ.૭૮) રસ્તાના કામમાં વીજુ મજૂરી કરતી હતી. ત્યાં કોઇ મોટો કંત્રાટી આવવાનો હતો. તેથી કામચલાઉ ઊભા કરેલા રસોડામાં મુકાદમ એને મોકલે છે. પછી છૂપા પગલે એ પાછો આવે છે ને વીજુના જોબન સાથે અથડાય છે. ઉપરથી વીજુને ઘર બનાવી આપવાની લાલચ આપે છે. વીજુ અડગ હતી. પણ કાળઝાળ મોંઘવારીમાં વીજુ મુકાદમના શબ્દો વિચારે છે. વીજુને કાના ગામ છોડી બસમાં બેસી શહેરમાં જાય છે. એની આંખમાં ઘર જ દેખાતું હતું. ત્યાં જ બે સ્ત્રીઓ મળે છે. જેમાં એક મા અને બીજી દીકરી સમાન હતાં. એની દશા પણ વીજુ જેવી હતી; 'ઇને વર નો'તો ને મારે ઘર નો'તું...'(પૃ.૮૦) કાના પણ વાર્તા અંતે મુખર બની કહે છે; 'હવે એને જ પૂછી લે, આ ઘાઘરો કોનો છે!?'(પૃ. ૮૦) તેમજ છેલ્લે એ કાનો ગાંડાની માફક હસે છે તે જોઇને વીજુ વિચારમાં પડી જાય છે.

આ વાર્તામાં ગામડાની નાયિકા શહેરમાં પોતાનું ઘર હોય એવી કામના રાખે છે. પરંતુ મોંઘવારીના કપરા સમયમાં એ કઠિન કામ લાગે છે. રસ્તાનાં મુકાદમનું પ્રલોભન એનું માનસિક સ્તરે શોષણ બની રહે છે. જ્યારે બીજી સ્ત્રી કાના સાથેના સંબંધોને રજૂ કરે છે. અહીં સ્ત્રીને પોતાના ઘર દ્વારા સ્થિર જીવન તરફના પ્રયત્નો છે. સંઘર્ષો વચ્ચે તે ઘર સુધી પહોંચવાની મથામણ કરે છે. સરળ ભાષામાં વાર્તા આરંભ છે. વીજુના મુખે બોલાતા તળપદા સંવાદો વાર્તાની વિશેષતા બને છે.

ધીરુબહેન પટેલ પાસેથી **'બે સ્ત્રીઓ'**(નવનીત સમર્પણ, જાન્યુઆરી – ૨૦૧૮, અંક – ૧) વાર્તા મળે છે.

વાર્તાનાયિકા નીલાંબરા એમની જીજી સાથેની આત્મીયતા વર્ણવાઇ છે. જીજીએ જ નીલાંબરાને પોતાના પુત્ર અર્જુન માટે શોધી હતી. અર્જુન ફોટોગ્રાફર છે. પરંતુ ધૂની સ્વભાવને કારણે એણે નીલાંબરાનો સાથ છોડી દીધો હતો. તેથી નીલાંબરાએ એના દીકરાની જવાબદારી સારી રીતે સંભાળી હતી. તેમજ જીજી માટે એને ખુબ વ્હાલ હતું. જીજીએ પણ એને આ કપરી ઘડીમાં સાથ આપ્યો હતો. તેઓ બંને કારમાં બેસીને મંદિરમાં જાય છે. જીજી મંદિરમાં જાય છે. પણ નીલાંબરા એની રાહ જુએ છે. બહાર આવતાં જ એ નીલાને પ્રસાદ આપે છે. નીલા એને કહે

છે; 'તમારા હાથનું તો ઝેર પણ લઇ લઉં, જીજી! આ તો પ્રસાદ છે. કહી નીલીએ આખો લાડુ મોંમાં મૂક્યો.'(પૃ.૧૯) જીજીને નીલા માટે ખૂબ વ્હાલ હતું. તેથી જ એ નીલાને દીકરી રૂપે જોવા માંગતી હતી. પણ નીલા તો કહેતી; 'કશુંયે સારું ન થાત. હું ક્યાંની ક્યાં પારકા ઘરમાં નિસાસા નાખતી હોત અને તમને સંદેશો કરત કે મા! મને કંઇ બહાનું કાઢીને થોડા દિવસ બોલાવી લે!'(પૃ.૧૯) એ અર્જુન વિશે પૂછે છે. તેણે હમણાં જ પ્રદર્શન રાખ્યું છે. અર્જુન ફોટોગ્રાફી કરતો હતો ત્યારે નીલાને પણ આનંદ હતો. ત્રણ વરસનો પુત્ર અમન પણ હતો. અર્જુન સાથેનું જીવન એને; 'શોખમાંથી ધૂન, ધૂનમાંથી લગભગ પાગલપણું... હાસ્તો, બીજું શું? વ્યવસ્થિત કામકાજ અને આવક પ્રત્યેની બેદરકારી તો સમજ્યા, પણ કોઇની સાથે બોલતાંયે જોર પડતું હોય એવું વર્તન....'(પૃ.૨૦) બધાએ નીલાનો સાથ છોડી દીધો ત્યારે બચ્યાં હતાં જીજી અને નીલા. છૂટાછેડા લઇ નીલા અને અર્જુન અલગ રહે છે. સ્કૂલમાં જતો અમન પિતાનો ફોટો અખબારમાં જોઇને બધા મિત્રોને બતાવતો કે મારા પિતાનો ફોટો છપાયો છે. એને હરખ હતો પણ એક દિવસ તો એ પૂછશે જ. નીલાંબરા સારું કમાતી હતી અને દિકરાનું સારું પાલન પણ કરતી હતી. તેમ છતાં એને વિચાર તો આવતો કે એક દિવસ કંઇક તો થશે. ત્યારે નીલાંબરાને વિચારોનો થાક અનુભવાતો. પણ તે બીજી જ ક્ષણે જીજી તો છે. એમ વિચારી મન મનાવે છે. કાર ચલાવતી વખતે આ વિચારો કરતી હતી. અને હવે એ જીજી કાર ઊભી રાખી ઝાકઝાળ હૉટેલમાં જમવા લઇ જાય છે. આ સમયે બંને સ્ત્રીઓને ત્યાં જઇને બેસવાની જરૂર પણ હતી.

આ વાર્તામાં બે સ્ત્રીઓની સંવેદના આલેખાઇ છે. નાયિકા નીલાંબરા માટે હવે જીજી જ એક આધાર છે. તેથી એ જ એના માટે ભગવાન સમાન લાગે છે. સરળ ભાષામાં છૂટાછેડા પામેલી સ્ત્રીની સંવેદના રજૂ થઇ છે. એકલી હોવા છતાં દીકરા અને ઘરને સારી રીતે સંભાળે છે. જે પુરુષે બેદરકારી પૂર્વક નીલાંબરા સાથે વર્તન કર્યું, એની સાથે બોલવાનો પણ સમય ન હતો. તે પુરુષને એણે સામેથી જ છૂટાછેડા આપી દે છે. અને નવજીવનની શરૂઆત કરે છે. સ્ત્રીના અસ્તિત્વની ઓળખને પામવા મથતી નાયિકાનું મનોસંવેદન કલાત્મક રીતે રજૂ થયું છે.

વર્ષા અડાલજા પાસેથી 'ગુલમહોર'(નવનીત સમર્પણ, ઓક્ટોબર – ૨૦૨૦, અંક – ૧૦) વાર્તા મળે છે. અહીં ત્રીજો પુરુષ એકવચનમાં વાર્તા કહેવાઇ છે. દામ્પત્યજીવનમાં ઉપલક દેખાતું સુખ વાર્તાનાયિકાના અસ્તિત્વનો છેદ કરતા પતિના કારણે, પીડા અનુભવતી નારી તરીકેની સંવેદના અહીં આલેખાઇ છે.

વાર્તારંભે જ નાયિકા અનિલાના જીવનની સવારનું વર્ણન થયું છે; 'બારી પાસે જઇ પડદો ખોલતાં જ ગુલમહોરે હસીને કેસરછાંટણાં કરતાં એ ભીંજાઇ. બારીની સામેના રસ્તાની ધારે ઊભેલાં બે દ્વારપાળ જેવાં વૃક્ષો, ગુલમહોર અને આમ્રવૃક્ષ. ઉનાળાનું ઝરમર વરસતું સોનેરી તેજ પીને બન્ને રસ રંગથી તરબતર હતાં.'(પૃ.૫૬) સવાર પૂરી થતાં એ ફરીથી સંસારજીવનમાં પ્રવેશી જાય છે. અનિલાની સવાર વ્યસ્ત રહેતી. એ દોડાદોડી કરીને બધાં કામો આટોપતી; 'છેલ્લે બાય બાય કહેતાં બારણું બંધ, ચાનો કપ અને તુષારે ફગાવી દીધેલું અખબાર લઇ હાશ કહેતાં બેસતી. પછી વિરાંગનાની જેમ કમ્મર કસતી. હવે ઘર એના હિસ્સાનો ભાગ માંગતું. વેરણછેરણ ઘરને ગોઠવતી. અસંખ્ય ઝીણાંઝીણાં કામ પૂણીના તારની જેમ કંતાતાં એને વીંટાળતા જતાં. જાણે એ સ્વયં વટસાવિત્રીનું વૃક્ષ!.'(પૃ.૫૭) આખો દિવસ એનો વ્યસ્તતામાં વીતતો. બીજા દિવસે સવારે એ બધાને જગાડે છે ત્યાં દિકરો આરવ કહે છે કે, હવે પંદર દિવસ લોકડાઉન છે તેથી બધા ઘરમાં જ રહેશે. ઘર કામમાં એ ભૂલી ગઇ હતી કે, કોરોનાને કારણે બધું બંધ છે. તેથી બધા એની

સામે જાતજાતના ખાવાની વસ્તુની ફરમાઇશ કરે છે. પણ છેલ્લે એને કોઇએ એને પૂછ્યું નહીં કે, એને શું ભાવે છે. બધાને ગમતો નાસ્તો કરાવી ઉતાવળે એ માસ્ક પહેરીને ગલીના નાકે શાકભાજીવાળાની વાન આવવાની હતી ત્યાં જાય છે. ગલીના નાકે શાકભાજીવાળા પાસે લોકોની લાઇન ઊભી હતી. ત્યાં જ એની સખી નમિતાનો ફોન આવે છે. નમિતા એને રોમાંસની વાતો કર છે. પરંતુ અનિલાને તો બટાકા – કાંદાના ભાવ વધી ગયાની ચિંતા હતી. શાકભાજી લઇ લિફ્ટમાં ચઢતાં તે સેનેટાઇઝ કરી હશે કે કેમ? તેની ચિંતા કરે છે. ઘરે પહોંચી ત્યાં પતિ તુષાર લીંબુ માંગે છે. ત્યારે એ અકળાઇ ઊઠીને કોઇ વસ્તુ ફેંકી દેવાની ઇચ્છા થાય છે. અનિલાને તુષાર દાળ – ભાત બનાવવા કહે છે. ત્યારે અનિલા; 'મેં રેસ્ટોરન્ટ નથી ખોલી તુષાર'(પૃ.૬૧) કહે છે. પતિનો પગાર જમા નથી થયો તેથી એ અનિલાને રોજના ખર્ચા વિશે કહે છે; 'વોટ ડુ યુ મીન રોજ ઓનલાઇન શોપિંગ! ટીશર્ટ...ચેસ..બુક્સ...જોઇતી વસ્તુ હતી અને તારી બેનને તેં ૫૦૦૦ રૂપિયાની બેડશીટ ગિફ્ટ આપી...'(પૃ.૬૧) અનિલાને પતિ પર ધસી પડવાનું મન થાય છે. 'તમારી જેમ દોસ્તારો પાછળ નથી ઉડાવતી ને ઇરિસ્પોન્સિબલ.'(પૃ.૬૨) તો સામે તુષાર પણ કહે છે કે, હું ઘર ચલાવું છું. તો અનિલા જવાબ આપે છે; 'શું! તમે ઘર ચલાવો છો? પત્નીના હાથમાં પૈસા મૂકવાથી ઘર નથી ચાલતું સાહેબ. દિવસરાત સંસારનો ચિંચોડો મેં ચલાવ્યો છે.'(પૃ.૬૨) અનિલાને આગળ કહ્યું કે, અભિમાન ન કરતી. બાની જીદ હતી તેથી તને વહુ બનાવી હતી. એ સાંભળીને અનિલાનો જીવ દટાઇ જાય છે; 'એટલે બાને ખાતર મને પરણ્યા? આપણે સાથે ગાળેલા દિવસો. એ રાત્રિઓ. એ બધું એમ જ, પ્રેમ વિના... અને બાળકો! એટલે, તમે મને કદી ચાહી જ નથી?'(પૃ.૬૨) અનિલા જીવનના સત્યથી વીંધાઇ ગઇ. પતિ બાળકોને વચ્ચે ન લાવવા કહે છે. ત્યારે; 'કેમ નહીં? એમને મેં જણ્યાં છે, ઉછેર્યાં છે. ચુટકી ચાર તાવમાં બેભાન હતી ત્યારે તમે ફોન સાઇલંટ રાખી ક્લબમાં ફ્રેન્ડઝ સાથે....'(પૃ.૬૨) આ બધું સાંભળી તુષાર ઘરની બહાર જતો રહે છે. અનિલા રાતના સમયે એકલી પડખું ફેરવીને સૂતી રહી હતી. સવારમાં બારીમાંથી સૂમસામ રસ્તા કિનારે ખીલેલા ગુલમહોર વચ્ચે પોતીકું વિશ્વ દેખાયું. પથરાયેલા રસ્તા અને આંબાની ડાળીઓ ઝૂલી રહી હતી. દીકરો આરવ આવીને માની સાથે ઊભો રહે છે.

આ વાર્તામાં નાયિકા અનિલાની દામ્પત્યજીવનની વિડંબણાઓ રજૂ થઇ છે. નાયિકાનો પતિ એને વસ્તુ માત્ર સમજે છે ત્યારે એ હૃદયથી ઘવાઇ જાય છે. પોતાનું અસ્તિત્વ શોધવા આ કપરા મહામારીના સમયમાં પ્રયત્ન કરે છે. બે સંતાનો હોવા છતાં પતિના મનમાં એની કોઇ કદર નથી કે નથી એના મનમાં કોઇ પ્રેમ. તેથી જ એના પત્નીત્વ પર પ્રશ્નો ઊભા કરતો રહે છે. સતત વ્યસ્તતા વચ્ચે નાયિકા પોતાની શોધ કરે છે. સરળ ભાષામાં મહામારી કોરોનાના સમયનું વસ્તુ અહીં આલેખાયું છે.

'નવનીત સમર્પણ' સામયિકમાં પ્રગટ થયેલી કૃતિઓમાં નિરૂપાયેલી નારીસંવેદના પ્રભાવક રીતે પ્રગટ થઇ છે. અહીં સ્ત્રી લેખિકાઓની ટૂંકીવાર્તાઓમાં નારીસંવેદનાનું બળકટ નિરૂપણ થયું છે. જેમાં પન્ના ત્રિવેદી, વર્ષા અડાલજા, હિમાંશી શેલત, ગિરિમા ઘારેખાન, મેઘા ત્રિવેદી, ધીરુબહેન પટેલ આદિની કૃતિઓ વધારે પ્રભાવક રહી છે. અહીં પ્રકાશિત ટૂંકીવાર્તાઓમાં વિષયવૈવિધ્ય જોવા મળે છે. ગ્રામજીવન, નગરજીવનના પરિવેશમાં પ્રણય, દાંપત્યજીવનને રજૂ કરતું વસ્તુ આલેખાયેલું છે. જેમાં નારીની અલાયદી છબી પ્રગટે છે. તેમજ નારીપાત્રોનું સરળ, સંકુલ તેમજ મનોવૈજ્ઞાનિક સ્તરે નિરૂપણ થયું છે. 'નવનીત સમર્પણ'માં પ્રકાશિત

ટૂંકીવાર્તાઓમાં રૂઢિ – પરંપરાનો ભોગ બનતી સ્ત્રી, મહામારી કોરોના સમયે ઘર – પરિવારની જવાબદારી નિભાવતી અને પોતાની નિજ ઓળખ શોધવા મથતી નારી, પતિના શોષણનો પ્રતિકાર કરતી, સ્પર્ધાત્મક સમયમાં નોકરી કરતી નારી આદિ નારીનાં સ્વરૂપો પ્રગટે છે. ટૂંકીવાર્તાઓમાં પ્રયોજાયેલી ભાષા – બોલીના પ્રયોગ તાજગીસભર અને નાવીન્યસભર છે. જે કૃતિઓમાં નિરૂપાયેલી નારીસંવેદનાને પ્રગટ કરવા ઉપકારક નીવડયાં છે. ફ્લેશબેક ટેકનિક, આંતર એકોકિત, પ્રતીક આદિ પ્રયુક્તિઓ કૃતિની કલાત્મકતાને ઉપકારક નીવડી છે.

..........................................................................................................................

ડૉ.પ્રીતિબેન એ. પટેલ
ડી- ૫૨, રાધાબાગ સોસાયટી, શાસ્ત્રી રોડ, બારડોલી,
તા. બારડોલી, જિ.સુરત.